અઢી ફૂટ ઊંડા ખાડામાં ટાયર ખૂંપી જતાં મોટો અકસ્માત ટળ્યો

મેમણ કોલોની પાસે ખોદકામના ખાડામાં અમૂલ દૂધની ટ્રક ફસાઈ

સુરક્ષાના સાધનો વગર ચાલી રહેલી કામગીરી સામે અસંતોષ

(પ્રતિનીધિ) વડોદરા, તા.22

શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસના કાર્યો અને ખોદકામ દરમિયાન તંત્રની ગંભીર લાપરવાહી વારંવાર સામે આવતી હોય છે. ત્યારે આજવા રોડ પર આવેલા સંવેદનશીલ એવા મેમણ કોલોની વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આજે સવારે અહીં ચાલી રહેલી ખોદકામની કામગીરી વચ્ચે પુરઝડપે પસાર થઈ રહેલી અમૂલ દૂધની એક ભારેખમ ટ્રક અચાનક રોડ પરના ખાડામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે થોડા સમય માટે આ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મેમણ કોલોની વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રસ્તાની બાજુમાં પાઈપલાઈન કે અન્ય કોઈ ભૂગર્ભ કામગીરી માટે ખોદકામ ચાલી રહ્યું છે. આજે વહેલી સવારે જ્યારે અમૂલ દૂધનો જથ્થો લઈને આ ટ્રક પસાર થઈ રહી હતી, તે દરમિયાન ખોદકામ કરાયેલા ભાગ પાસે અચાનક માટી બેસી ગઈ હતી. પરિણામે, ટ્રકનું પાછળનું ટાયર આશરે બેથી અઢી ફૂટ જેટલા ઊંડા ખાડામાં ધસી ગયું હતું અને ટ્રક એક બાજુ નમી ગઈ હતી. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાની કે ગંભીર ઈજાના સમાચાર સાંપડ્યા નથી, પરંતુ જો ટ્રક પલટી ગઈ હોત તો મોટો અનર્થ સર્જાઈ શક્યો હોત.

આ ઘટના બનતાની સાથે જ આસપાસના સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. નાગરિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો કારણ કે રોડ પર ગમે ત્યાં ખુલ્લા ખાડા ખોદી દેવામાં આવે છે પરંતુ વાહનોની અવરજવર માટે કે સુરક્ષાના ભાગરૂપે કોઈ જ પ્રકારની બેરિકેડિંગ, રેડિયમ સિગ્નલ કે ચેતવણીના બોડ મુકવામાં આવતા નથી. તંત્રની આ પ્રકારની ઘોર બેદરકારીના કારણે અગાઉ પણ અનેક નાના-મોટા વાહનચાલકો આ ખાડાઓમાં પડીને ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક રહીશોની માંગ છે કે મહાનગરપાલિકા દ્વારા જે પણ એજન્સી કે કોન્ટ્રાક્ટરને આ કામગીરી સોંપવામાં આવી છે, તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને ખોદકામ પૂર્ણ થયા બાદ તાત્કાલિક ધોરણે રસ્તાઓનું સમારકામ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ટળી શકે.

પરંપરાગત ફંડિંગના બદલે આધુનિક ફાઇનાન્સિંગ દ્વારા શહેરોને આત્મનિર્ભર બનાવવા વડોદરાની વૈશ્વિક પહેલ

ટકાઉ શહેરી વિકાસ માટે વડોદરાનું મોડેલ ગ્લોબલ મંચ પર: ગ્રીન-બ્લુ બોન્ડ્સથી આત્મનિર્ભરતાનો રાહ

UNDRR
UN Office for Disaster Risk Redu

(પ્રતિનીધિ) વડોદરા, તા.22

યુનાઈટેડ નેશન્સ દ્વારા આયોજિત ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન અંગેની મહત્ત્વપૂર્ણ કોન્ફરન્સમાં વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. આ વૈશ્વિક મંચ પર વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ અને આપત્તિ વ્યવસ્થાપન માટે ગ્રીન ક્લાઈમેટ બોન્ડ્સ અને બ્લુ બોન્ડ્સની નાણાકીય પહેલને પ્રભાવશાળી રીતે રજૂ કરવામાં આવી હતી.

આજકાલ શહેરોના ટકાઉ વિકાસ માટે પર્યાવરણ અને જળ સંસાધનોનું રક્ષણ ખૂબ જ અનિવાર્ય બન્યું છે. આ સંદર્ભમાં, વડોદરા દ્વારા ગ્રીન અને બ્લુ બોન્ડ્સના માધ્યમથી નાણાકીય સ્વનિર્ભરતા મેળવવાની દિશામાં ઉત્તમ પગલાં લેવામાં આવ્યા છે. કમિશનર અરુણ મહેશ બાબુએ આ વૈશ્વિક મંચ પર વિવિધ દેશોમાંથી આવેલા શહેરોના પ્રતિનિધિઓ સાથે ભવિષ્યના ધિરાણ અને પરસ્પર સહયોગ અંગે વિસ્તૃત વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. કોન્ફરન્સમાં ચર્ચા કરવામાં આવી હતી કે પરંપરાગત ભંડોળ પર નિર્ભર રહેવાને બદલે ગ્રીન બોન્ડ્સ જેવા આધુનિક નાણાકીય સાધનો દ્વારા શહેરો કેવી રીતે આત્મનિર્ભર બની શકે છે. વડોદરાના આ વિઝન અને નાણાકીય આયોજનની પહેલને વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી છે, જેનાથી ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નવા નાણાકીય વિકલ્પો અને સહયોગના દ્વાર ખુલશે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ નજીક ગંદુ પાણી રસ્તા પર ફરી વળ્યા

કુબેર ભવન પાછળ ડ્રેનેજ ઉભરાતા ‘સ્વચ્છતા અભિયાન’ના દાવા પોકળ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરમાં વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા જાળવવા તેમજ શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે મોટાપાયે દાવાઓ કરવામાં આવતા હોય છે, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી આ દાવાઓની પોલ ખોલી નાખતી હોય છે. તાજેતરમાં વડોદરા શહેરના કુબેર ભવન અને પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાછળના માર્ગ પર ગંભીર બેદરકારી સામે આવી છે.

અહીં સરકારી કચેરીની બિલકુલ નિકટ ડ્રેનેજ લાઈન ઉભરાઈ જવાથી ગંદુ પાણી રસ્તા પર સતત વહી રહ્યું છે, જેના કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, કુબેર ભવનના પાછળના ભાગે અને પોલીસ પરેડ ગ્રાઉન્ડની આગળના રસ્તે લાંબા સમયથી ડ્રેનેજનું પાણી બહાર આવીને મુખ્ય માર્ગ પર ફરી વળ્યું છે.

એક તરફ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા રાખવા અને પ્રજાને સ્વચ્છ વાતાવરણ આપવા માટેના લાંબા દાવા કરવામાં આવે છે, તો બીજી તરફ સરકારી કચેરીઓની બહાર જ સ્વચ્છતાના ધજાગરા ઉડતા જોવા મળે છે. શહેરમાં અનેક સ્થળોએ નાગરિકોને પીવાના પાણી માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે, ત્યારે બીજી તરફ ડ્રેનેજનું પાણી મોટી માત્રામાં બગડીને રસ્તાઓ પર વેડફાઈ રહ્યું છે. આ ગંદા અને દુર્ગંધયુક્ત પાણીના ભરાવા વચ્ચેથી પસાર થઈને અવરજવર કરવા માટે વાહનચાલકો અને રાહદારીઓ મજબૂર બન્યા છે. સ્થાનિક વિસ્તારમાં પાલિકા તંત્રની ઉદાસીનતા અને બેદરકારી સામે ભારે રોષની લાગણી પ્રસરી ગઈ છે.

ચાલક નશાની હાલતમાં હોવાની શંકા

મહલી નજીક એક્ટિવા ચાલકે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત

સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ગોત્રી હોસ્પિટલ ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરાના મહલી નજીક એક અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં એક એક્ટિવા ચાલકે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા તેનો અકસ્માત સર્જાયો હતો. ગંભીર ઈજા પહોંચતા તેને વધુ સારવાર માટે ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. વડોદરા શહેર અને જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણઝાર અટકવાનું નામ લઈ રહી નથી. ત્યાંતો, વધુ એક અકસ્માતની ઘટના બની હતી. જેમાં સર્જાયેલા અકસ્માતમાં એક્ટિવા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને સારવાર અર્થે પાદરા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અકસ્માતનો ભોગ બનેલો એક્ટિવા ચાલક વડોદરાના કરોળિયા વિસ્તારનો રહેવાસી છે. તેમજ તે અકસ્માત સમયે નશાની હાલતમાં હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

દેવ નદીમાં મગરોનો આતંક યથાવત

આધેડને ખેંચી જવાની આશંકા, બીજા દિવસે પણ ભાળ નહીં મળી

ગોઝાલી બ્રિજ પાસે નાહવા ઉતરેલા 55 વર્ષીય આધેડ ગુમ, ફાયર બ્રિગેડનું સર્ચ ઓપરેશન યથાવત

(પ્રતિનિધિ)વડોદરા,તા.22

વડોદરા નજીકના ડભોઈ તાલુકાના કડાધરા ગામ પાસે વહેતી દેવ-ઢાઢર નદીમાં મગરે આધેડને ખેંચી ગયાની આશંકાજનક ઘટના સામે આવી છે. સતત બીજા દિવસે પણ ગુમ થયેલા આધેડનો કોઈ પત્તો લાગ્યો નથી, જેને લઈ ફાયર બ્રિગેડ દ્વારા વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, કડાધરા ગામના બારીયા ફળિયામાં રહેતા 55 વર્ષીય મકબુલભાઈ મહંમદભાઈ ગરાસીયા બે દિવસ પહેલા ગામ નજીકના ગોઝાલી બ્રિજ પાસે આવેલી દેવ નદી તરફ ગયા હતા. લાંબા સમય સુધી પરત ન ફરતા પરિવારે શોધખોળ શરૂ કરી હતી. નદી કિનારેથી તેમના કપડાં મળી આવતા તેઓ નાહવા ઉતર્યા હોય અને મગરે હુમલો કરી ઊંડા પાણીમાં ખેંચી ગયો હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. બુધવારે મોડી સાંજ સુધી શોધખોળ છતાં સફળતા ન મળતા આજે સવારથી ફરી બોટ અને ખાસ સાધનો સાથે નદીના ખૂણે-ખૂણે તપાસ શરૂ કરાઈ છે. દેવ-ઢાઢર નદીનો આ સંગમ વિસ્તાર મગરોનું કુદરતી રહેઠાણ હોવાથી રેસ્ક્યૂ કામગીરી જોખમી બની છે. બે દિવસથી પિતાનો પત્તો ન લાગતા પરિવારજનો આઘાતમાં છે, જ્યારે તંત્રએ નદીના નીચાણવાળા વિસ્તારોમાં પણ તપાસ લંબાવી છે.

દારૂ ભરી આપનાર પીંટુ શેઠ, જથ્થો મંગાવનાર રાહુલની શોધખોળ

એરફોર્સ બ્રિજ પાસે કારમાંથી દારૂ ઝડપી પાડયો, બે ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં દારૂબંધીના કાયદાનો ભંગ કરીને દારૂની હેરાફેરી કરતા તત્વો સામે એલસીબી ઝોન-4એ કાર્યવાહી કરી એરફોર્સ બ્રિજ પાસે સફેદ રંગની સ્વીફ્ટ કારમાંથી રૂ 1.71 લાખના વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે છોટાઉદેપુરના બે યુવકોને ઝડપી લઈ દારૂના દારૂ અને બિયરના 78 ટીન સહિત રૂ. 7.82 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાંથી દારૂ ભરી આપવામાં આવ્યો હોવાની અને નંદેશરીના રાહુલ નામના શખ્સે આ જથ્થો મંગાવ્યો હોવાની વિગતો સામે આવતાં પોલીસે અન્ય સંડોવાયેલા શખ્સોની શોધખોળ શરૂ કરી છે. પોલીસે બાતમીના આધારે એરફોર્સ બ્રિજના ઉતરવાના કટ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન આજવા બ્રિજ તરફથી આવતી સફેદ સ્વીફ્ટ કારને રોકીને તપાસ કરતાં તેમાંથી અલગ-અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયર મળી આવ્યાં હતાં. દારૂની હેરાફેરી માટે જરૂરી પાસ-પરમિટ ન હોવાનું જણાતાં પોલીસે કારમાં સવાર ધનસિંગભાઈ હલજીભાઈ રાઠવા (ઉં.વ. 21), રહે. બેડવી, પટેલ ફળિયું, છોટાઉદેપુર અને વિક્રમસિંહ હરસિંગભાઈ રાઠવા (ઉં.વ. 25), રહે. ચીસાડિયા, આંબલી ફળિયું, છોટાઉદેપુરની ધરપકડ કરી હતી.

વોર્ડ નંબર ૪માં પાલિકાની દબાણ શાખા ત્રાટકતાં દોડધામ મચી

પાંજરાપોળ રોડ પરથી દબાણો દૂર કરાયા

ખોડિયાર નગર ચાર રસ્તાથી ૧૨ પતરાના શેડ તોડી ત્રણ ટ્રક સામાન જપ્ત

DIPESH PROVISION STORE
The Real EGG Magic Omlet
SHINRAI

SONA PUNJ
પંજાબી
ચાઈનીઝ
SONA PUNJABI KHANA

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરના વોર્ડ નંબર ૪ વિસ્તારમાં આવેલ ખોડિયાર નગર ચાર રસ્તાથી પાંજરાપોળ તરફ જતા મુખ્ય માર્ગ પર મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ દ્વારા સઘન ઝુંબેશ ચલાવીને ગેરકાયદેસર અને હંગામી દબાણો દૂર કરવાની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક દુકાનદારોએ પોતાની દુકાનોની આગળ ગેરકાયદેસર રીતે ઓટલા બનાવી તેના પર પતરાના શેડ ઊભા કરીને માર્ગ પર દબાણો કર્યા હતા. જેના કારણે વાહનવ્યવહાર અને રાહદારીઓને ભારે અગવડતાનો સામનો કરવો પડતો હતો. કોર્પોરેશનની ટીમે કાર્યવાહી કરીને આવા ૧૨ પતરાના શેડ તોડી પાડ્યા હતા અને રસ્તાને ખુલ્લો કરાવ્યો હતો. આ દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન ત્રણ ટ્રક ભરીને સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

દબાણ દૂર કરવાની આ સમગ્ર કામગીરી દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા સાથે ટાઉન ડેવલપમેન્ટ ઓફિસ (ટી.ડી.ઓ.), વોર્ડ ઓફિસ, હરણી પોલીસ અને કોમર્શિયલ વિભાગના કર્મચારીઓ તથા અધિકારીઓ મોટી સંખ્યામાં જોડાણ સાથે સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા. સંયુક્ત ટીમે માર્ગ પર કરવામાં આવેલા હંગામી દબાણો દૂર કરીને સામાન જપ્ત કરવાની કડક કામગીરી કરી હતી. કાર્યવાહી દરમિયાન એક તબક્કે પાલિકાની દબાણ શાખાની ટીમ અને સ્થાનિક લોકો તથા દુકાનદારો વચ્ચે થોડું ઘર્ષણ અને બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, સાથે રહેલા હરણી પોલીસ કાફલાએ તાત્કાલિક મધ્યસ્થી કરીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને મામલો થાળે પાડ્યો હતો. પોલીસે યોગ્ય શાંતિ જાળવીને સમગ્ર દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરાવી હતી.

સમા વિસ્તારમાં ઝઘડામાં છોડાવતી વખતે ધક્કો મારતા આધેડના થયેલા મોતમાં આરોપીના જામીન નામંજૂર

વડોદરા : વડોદરાના સમા વિસ્તારમાં ધક્કો મારવાથી આધેડનું મોત નીપજ્યાના કેસમાં આરોપી વિપુલ શંકરભાઈ વસાવાને અદાલતમાંથી રાહત મળી નથી. ઝઘડામાં માત્ર છોડાવવા માટે વચ્ચે પડ્યો હોવાની બચાવ પક્ષની દલીલ સામે સરકારી વકીલે ગુનાની ગંભીરતા અને સાહેદોને ધમકીની શક્યતા રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ 13મા એડિશનલ સેશન્સ જજ એમ.આર. ઝાલાએ આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરી હતી.

૧૯ ટુકડીઓ કાર્યરત હોવા છતાં વાહનોની અછતનું બહાનું

કોર્પોરેશન ૧૨ ટ્રેક્ટર, ૧૦ ગ્રેબલ ટ્રેલરની ખરીદી પાછળ ૧.૬૫ કરોડથી વધુ ખર્ચશે

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં રસ્તાઓ પર રખડતા પશુઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે સામાન્ય નાગરિકો અને વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રખડતા ઢોરને કારણે અવારનવાર અકસ્માતો સર્જાવાની ઘટનાઓ પણ સામે આવતી રહે છે. ઢોર પકડવાની કામગીરી માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે, તેમ છતાં રસ્તાઓ પર ઢોર મુક્તપણે ફરતા જોવા મળે છે અને તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. હવે આ સમસ્યાના ઉકેલ માટે કોર્પોરેશન દ્વારા ઢોર પકડવાની કામગીરી અર્થે નવાં ટ્રેક્ટર અને ટ્રેલર ખરીદવા પાછળ રૂ. ૧.૬૫ કરોડથી વધુનો આંધણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્પોરેશનના દબાણ અને ઢોર ન્યૂસન્સ અંકુશ વિભાગ દ્વારા વડોદરા શહેરમાંથી રખડતા પશુઓને પકડવાની કામગીરી અલગ-અલગ ઝોન મારફતે હાથ ધરવામાં આવે છે. હાલમાં કોર્પોરેશન પાસે ૧૯ જેટલી ટુકડીઓ કાર્યરત છે, જે પશુઓને પકડીને ઢોર ડબ્બે પૂરવાની કામગીરી કરે છે. જોકે, પકડાયેલા પશુઓને પશુ હોસ્પિટલ, ઢોર ડબ્બા કે પશુપાલકોને પરત સોંપવા માટે વાહનોની પૂરતી સુવિધા ન હોવાથી કામગીરીમાં અવરોધ ઊભો થતો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ૧૨ ટ્રેક્ટર અને ૧૦ ગ્રેબલ ટ્રેલર ખરીદવાની મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, શરૂઆતમાં બે એજન્સીઓએ આ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધો હતો, પરંતુ આખરે ભાવ સરખામણી કરીને નીચા ભાવ મંજૂર કરવામાં આવ્યા છે. દરખાસ્ત અનુસાર, સ્વરાજ કંપનીનું એક ટ્રેક્ટર રૂ. ૮.૧૫ લાખમાં અને એક ગ્રેબલ ટ્રેલર રૂ. ૬.૯૦ લાખમાં પડશે. આ રીતે ૧૨ ટ્રેક્ટર અને ૧૦ ગ્રેબલ ટ્રેલર ખરીદવા માટે કુલ રૂ. ૧,૬૫,૬૬,૬૦૦નો સિક્યોરિટી ડિપોઝિટ અને ટેક્સ સહિતનો ખર્ચ થશે. જોકે, આ સમગ્ર બાબતે સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ કોર્પોરેશન રખડતા પશુઓને પકડવા માટે નવાં વાહનો ખરીદીને કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ વાહનો ખરીદ્યા પછી પણ રસ્તાઓ ઢોર મુક્ત બનશે કે કેમ?

દિવાળીમાં ફટાકડા ફોડતાં સાવચેત રહેવા વડોદરા ફાયર વિભાગની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં તહેવારોની ઉજવણી દરમિયાન સુરક્ષા જળવાઈ રહે અને ફટાકડાને કારણે થતી આગની હોનારતો અટકાવી શકાય તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા નાગરિકો માટે એક વિશેષ જાહેર નોટિસ અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. તહેવારોમાં અકસ્માત કે આગ લાગવાની પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય અને જો થાય તો તાત્કાલિક પગલાં લઈ શકાય તે પ્રકારની પૂર્વ તૈયારીઓ રાખવા માટે તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ફાયર વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચના મુજબ, શહેરમાં પ્રતિબંધિત વિસ્તારોમાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત, રાત્રે ૧૦ વાગ્યાથી લઈને સવારે ૬ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ફટાકડા ફોડવાથી દૂર રહેવા માટે સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે.

મદદના બહાને યુવતિની છેડતી કરાઈ

વડોદરા : વડોદરા શહેરમાં પીજીમાં રહેતી અને કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી યુવતીને મદદ કરવાના બહાને કારમાં બેસાડીને અડપલાં કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવતીનો આક્ષેપ છે કે અજાણ્યા શખ્સે પોતે રાજકારણમાં હોવાની ઓળખ આપી અને સારવાર કરાવવાની લાલચ આપીને તેનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ કારમાં યુવતી સાથે અડપલાં કરવાનો પ્રયાસ કરતાં યુવતીએ કારમાંથી બહાર નીકળી ભાગીને પોતાનો બચાવ કર્યો હતો. શખ્સે ફરી રસ્તામાં રોકવાનો પ્રયાસ કરતાં યુવતીએ અભયમ 181ની મદદ લેતાં ટીમે પોલીસ સ્ટેશનમાં અરજી કરાવી હતી.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ખોડીયારનગર ચાર રસ્તા જંકશન બંધ/ડાયવર્ઝન આપવા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ૪૦.૦૦ મીટર રીંગરોડ પર ખોડીયારનગર ચાર રસ્તા જંકશન પર નવિન ફ્લાય ઓવર બ્રીજના કામે બ્રીજની કામગીરી સમયસર પૂર્ણ કરી શકાય તે હેતુથી જંકશન પરના બ્રીજના સ્પાનની કામગીરી દરમ્યાન ટ્રાફીકની અવર-જવર સરળતાથી થાય અને સલામતી જળવાઇ રહે તે હેતુથી **તા.:૨૪-૧૦-૨૦૨૬ થી ૩ માસ સુધી (કામગીરી પૂર્ણ ન થાય મહત્તમ ત્યાં સુધી)** ખોડીયારનગર ચાર રસ્તા જંકશન બંધ કરવામાં આવશે. જેથી સ્થળે બ્રીજની બન્ને તરફના સ્થળ પર બતાવેલ સ્પાન **P18-P19** અને **P22-P23** વચ્ચેના સ્પાનમાંથી મહત્તમ ૪.૫૦ મીટર ઉંચાઇ ધરાવતા વાહનો અવર-જવર કરી શકશે તેમજ ૪.૫૦ મીટરથી વધુ ઉંચાઇના તમામ વાહનો સુચિત બ્રીજના છેડે બન્ને તરફ આવેલ ડીવાઇડરના કટમાંથી જે-તે તરફ (પૂર્વ - પશ્ચિમ તરફ) અવર જવર કરી શકશે.

ઉપરોકત જાહેર નોટીસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા, વાહન ચાલકોની સલામતી તેમજ અકસ્માત નિવારણ હેતુથી કામગીરી દરમ્યાન વાહન ધીમે હાંકવાં તેમજ સાવચેતીથી પસાર થવા જાહેર જનતાને નમ્ર વિનંતી છે.

પી.આર.ઓ.નં.૫૨૮/૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર (બ્રીજ પ્રોજેકટ)

यूको बैंक UCO BANK
(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

દાંડીયા બજાર શાખા : અપ્સરા એપાર્ટમેન્ટસ પ્રુફ માણેકરાવ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
ફોન : ૯૧૪૭૪૦૪૩૨૭ • Email : dandia@uco.bank.in

ડિમાન્ડ નોટિસ

પ્રતિ, **તા. ૧૬.૧૦.૨૦૨૬**

૧. શ્રી શૈલેષ રાધામોહન ચોબે અને શ્રીમતી રૂપલ શૈલેષ ચોબે
સરનામું ૧) : ડી/૬૭, કમલા પાર્ક સોસાયટી, હર્ની વારસિયા રોડ, એસાર પેટ્રોલ પંપની સામે, વડોદરા, ગુજરાત-૩૯૦ ૦૦૬.

વિષય : સિક્યોરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ. (હવે પછી અધિનિયમ કહેવાશે)

સાહેબ,

૧) યુકો બેંકના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી સહી કરનારે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ હેઠળની નીચેની સુચના જારી કરે છે.

૨) તમારી વિનંતી પર, તમને **યુકો બેંક, દાંડીયા બજાર શાખા, વડોદરા** દ્વારા સમયાંતરે બેંકની તરફેણમાં સુરક્ષા રસ ઊભી કરતી વિવિધ અસ્કયામતો સામે નાણાકીય સહાય દ્વારા વિવિધ ક્રેડિટ સુવિધાઓ આપવામાં આવી છે. ઉક્ત ધિરાણ સુવિધાઓની સંબંધિત વિગતો અને તમારા દ્વારા અમલમાં આવેલ સુરક્ષા કરાર(ઓ)/દસ્તાવેજો અનુક્રમે જંગમ વસ્તુઓની પ્રતિજ્ઞાને બાદ કરતાં અનુક્રમે એ અને બી માં જણાવવામાં આવ્યા છે. તમે ઉક્ત કરાર(ઓ)/દસ્તાવેજો (દસ્તાવેજો)ના સંદર્ભમાં ઉક્ત નાંણાકીય સહાયની ચુકવણી માટે બાંયધરી સાથે નાંણાકીય સહાયનો લાભ લીધો છે.

૩) તમે બેંકની તરફેણમાં ટાઈટલ ડીડ/રજીસ્ટર્ડ મોર્ગેજ રજૂ કરેલ હતું, મોર્ગેજ અંગેના જરૂરી દસ્તાવેજો અહીં **શિડ્યુલ બી** માં દર્શાવેલ છે.

સુરક્ષિત દેવા અને સુરક્ષિત મિલકતોને લગતી વિગતો અહીં શિડ્યુલ સીમાં દર્શાવેલ છે.

જે રહેઠાણ લાયક મિલકત જેનો રેવન્યુ સર્વે નં. ૧૫૨, પૈકી, ક્ષેત્રફળ ૧૩૭૯૨.૫૪ સ્કે.મીટરની જમીન, જે કમલા પાર્ક સોસાયટી, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન રજાચિઠ્ઠી નં. એલ ૧૯૭/૯૦-૯૧ તારીખ ૦૨.૦૧.૧૯૯૧ મેળવવવા આવી હતી. કમલા પાર્ક સોસાયટીના મંજૂર નકશા મૂજબ, પ્લોટ/બ્લોક નં. ડી-૬૭, જેમાં ૩૨.૯૮ સ્કે.મીટર પ્લોટ વિસ્તાર અને ૧૫.૨૦ સ્કે.મીટર અવિભાજીત સરખા ભાગનો એરીયા, કુલ ૪૮.૧૮ ચોરસ મીટર તથા ૨૫.૩૭ ચો.મીટર, મોજે-સવાદ (અકોટા), વડોદરા વિભાગ-૩, વડોદરા ખાતે આવેલ સ્થાવર મિલકત. ● **ચતુરસીમા :** ● **પુર્વે :** બ્લોક નં. ડી-૭૬, ● **પશ્ચિમે :** ૬ મીટરનો સોસાયટીનો રસ્તો, ● **ઉત્તરે :** બ્લોક નં. ડી-૬૮, ● **દક્ષિણે :** બ્લોક નં. ડી-૬૬.

૪) સુરક્ષિત અસ્કયામતોની સંબંધિત વિગતો અનુસુચિ “સી”માં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે.

૫) તમે અન્ય દસ્તાવેજો પર સમયાંતરે બાકી રકમની ચકાસણી કરીને ઉપરોક્ત ક્રેડીટ સુવિધાના સંદર્ભમાં જવાબદારી સ્વીકારી છે. નાણાંકીય સહાય/ક્રેડીટ સુવિધાઓનું સંચાલન અને આચરણ અનિયમિત થઈ ગયું છે અને રિઝર્વ બેંક દ્વારા નિર્દેશિત કરાયેલ માર્ગદર્શિકા અનુસાર તમારૂં ખાતાને તમારા દ્વારા મુળ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણીમાં કરવામાં આવેલ કસુરને ધ્યાનમાં લઈ તા. **૨૯.૦૭.૨૦૨૪** ના રોજ નોન પર્ફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. મુખ્ય દેવું અને તેના પરના વ્યાજની ચુકવણીમાં તમારા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે. ઉપરોક્ત નાંણાકીય સહાય પણ ખાનગી ગેરંટી દ્વારા સુરક્ષિત છે.

૬) ઉક્ત નાંણાકીય સહાય (૧) ...., (૨) ...., ૩) .... ની વ્યક્તિગત બાંહેધરી દ્વારા પણ સુરક્ષિત છે. વારંવાર વિનંતીઓ કરવા છતાં, તમો ઉપાર્જિત બાકી રકમ / બાકી જવાબદારીઓ નિષ્ફળ અને અવગણના કરી છે. અહીં તમને જણાવીએ છીએ કે સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તમને સુચિત કરવામાં આવે છે કે બાકી રકમ **રૂા. ૨,૯૬,૮૭૬.૯૫/- (રૂા. બે લાખ છન્નું હજાર આઠસો છોતેર અને પંચાણું પૈસા પુરા) તા. ૨૯.૦૭.૨૦૨૬ સુધી (તા. ૩૦.૦૩.૨૦૨૪ સુધીના વ્યાજ સહિત)** તથા ઉપરોક્ત રકમ પર કરારના દરે ભાવિ વ્યાજ, આકસ્મિક ખર્ચા, કોસ્ટ, ચાર્જ વગેરે સાથે ચુકવવા પણ જવાબદાર છો.

૭) જો તમો વધારાનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ સાથે **રૂા. ૨,૯૬,૮૭૬.૯૫/- (રૂા. બે લાખ છન્નું હજાર આઠસો છોતેર અને પંચાણું પૈસા પુરા)**તથા વધારાના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓની ચુકવણીમાં કસુર કરશો તો આ અધિનિયમ કલમ ૧૩(૨)ની શરતો મજુબ ઉપર જણાવેલ કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ અને ઉપરોક્ત અધિનિયમની અન્ય લાગુ જોગવાઈઓ હેઠળ વિગતવારના તમામ અથવા કોઈપણ અધિકારનો ઉપયોગ કરવામાં આવશે.

૮) તમને એ પણ તાકીદ કરવામાં આવે છે કે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૧૩)ના સંદર્ભમાં આથી આપને નોટીસ આપવામાં આવે છે કે બેંકને જામીન આપેલ કોઈપણ સુરક્ષિત અસ્કયમતો બેંકની લેખિત મંજરી વિના આ નોટીસની સૂચિ સી માં વિગતવાર જણાવેલ સુરક્ષિત સંપતિને વેચાણ, લીઝ કે અન્ય રીતે તબદીલ કે હસ્તાંતર કરી શકશો નહીં.

૯) તમારા વતી જારી કરાયેલ અને સ્થપાયેલ બાકી રહેલા બિલો, બેંક ગેરંટી અને લેટર ઓફ ક્રેડિટ તેમજ અન્ય આકસ્મિક જવાબદારીઓ હેઠળ ઉભી થતી જવાબદારીઓને ચૂકવવા માટે બેંક તમને બોલાવવાના તેના અધિકારો અનામત રાખે છે.

૧૦) આ નોટીસ કાયદાની અન્ય જોગવાઈઓ હેઠળ જે જરૂરી જણાતી હોય તેવી અન્ય કાર્યવાહી અથવા કાનુની કાર્યવાહી કરવાના અધિકારને કોઈપણ પૂર્વગ્રહ વિના આપે છે.

૧૧) સ્પષ્ટ કરવામાં આવે છે કે નોટિસના હિન્દી અને અંગ્રેજી ભાષા વચ્ચે કોઈ વિરોધાભાષા જણાય તો, અંગ્રેજી ભાષા માન્ય ગણાશે.

સહી/-
તારીખ : ૧૬.૧૦.૨૦૨૬ **અધિકૃત અધિકારી,**
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) **યુકો બેંક**